ॐ

॥ श्री परमात्मने नमः ॥

શ્રી

સંગિત પુષ્પમાળા સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન યુવકમંડળ તરફથી

શા. મંગળદાસ ભાલચંદ.

તથા

મેતા ગકુલભાઈ નરસીભાઈ.

મુ. આણંદ.

વીરસંવત ૨૪૩૯. સને ૧૯૧૩.

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

કીંમત રૂ. ૦—૨—૦.

ૐ

॥ श्री परमात्मानमः ॥

श्री

સંગિત પુષ્પમાળા સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન યુવકમંડળ તરફથી

શા. મંગળદાસ બાલચંદ

તથા

મેતા ગફુલભાઇ નરસીભાઇ.

મુ. સાણંદ.

વીરસંવત, ૨૪૩૯ સને ૧૯૧૩

આવૃત્તિ પહેલી. પ્રત ૧૦૦૦

કીંમત ૦—૨—૦.

ૐ

॥ श्री परमात्मानेनः ॥

શ્રી

સંગિત પુષ્પમાળા સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન યુવકમંડળ તરફથી

શા. મંગળદાસ બાલચંદ

તથા

મેતા ગફુલભાઇ નરસીભાઇ.

મુ. સાણંદ.

વીરસવત, ૨૪૩૯. સને ૧૯૧૩.

આવૃત્તિ પહેલી. પ્રત. ૧૦૦૦.

કીંમત ૦—૨—૦.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યુ.

શ્રી

સંગિત પુષ્પમાળા સંગ્રહ.

મંગળાચરણ.

ગાયન ૧.

જય જય જય જય જીનરાજ નમો,
તિર્થંકર ત્રીભુવન પતી પ્યારા, રક્ષ સકળ તમ બાળ અમો;
પ્રભુજી પ્રભુજી પ્રભુજી, અમ હ્રદય રમો. જય.
ધન્ય ભાગ્ય ફળ્યું દુઃખ સર્વ ટળ્યું, તુમ વદન વિલોકીન સુખ મળ્યું.
તારી છે વારી છે સુમતિ દેનારી છે જગહિતકારી છે;
જ્ઞાન સુધારસ સમ સુગમો. જય.
તુમ ગુણ ગણવા ગુલતાન થવા સુરતાલ નૃત્યે સ્તવનો કરવા,
આવ્યો છું દ્વારી આ અર્જ સ્વિકારી લે મંગલકારી કે;
મહાવીર મંડળરાજ નમો, જીનરાજ નમો. જય.

ગાયન ૨.

વિજય વિજય વિજય આજ વિજય સત્યનો થયો,
પ્રભુ પ્રસાદે સત્યકલ્પ, વૃક્ષ હાલ છે ફર્યો;
કલ્પ વૃક્ષ સેવના, નકામી જાય શું કદી.
ચલક ચલક ચંદ્ર થતાં, અંધકાર રહે કદી,
સત્યને સદા સહાય, આપતાને આપજો;
જૈન યુવક મંડળને, પ્રભુ આબાદ રાખજો. વિજય.

ગાયન ૩. રાગ ભેરવી.

પર કુથલી ન કિજે, સમજ મન ધીર.
પરનિંદાથી મુખ મલિન કરી, પરનું પાપ લહે નીજ શીરપરકુથલી.૧
કુથલીમાં કાળ જાય, હાથમાં ન રાખ આય;
પર અપવાદે વિષ બહુ વ્યાપે, મન સંતાપે કાં નાદાન,
છીદ્ર પારકાં ન દેખ, પગ તળેની લાય દેખ. કુથલી. ૨

ગાયન ૪. કાયાને જીવનો સંવાદ.

ચેત તો ચેતાવું તનેરે, પામર પ્રાણી. એ રાગ.
જીવ કાયાને સુણાવેરે, ઓ કાયા ભોળી.
કાયા તું કામણગારી, પાસમા પડયો હું તારી;
પ્રભુને મુક્યા વિસારીરે, ઓ કાયા ભોળી. ૧
તારી સાથે પ્રીતી કરી, જરી ના બેઠો હું ઠરી;
પાપની મેં પોઠ ભરીરે, ઓ કાયા ભોળી. ૨
ઘણીવાર સમજાવી, હઠીલી ન સાન આવી.
મુજને દીધો ડુબાવીરે, ઓ કાયા ભોળી. ૩
નીતિનો પ્રવાહ તોડયો, અનિતીનો પંથ જોડયો:
સજ્જનનો સંગ છોડયોરે, ઓ કાયા ભોળી. ૪
સદ્‌ગુણને નિવાર્યા, દુર્ગુણને વધાર્યા;
કથન ન કાન ધાર્યારે, ઓ કાયા ભોળી. ૫
આતમાં હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી;
તારી સંગે રહ્યો મંડીરે, ઓ કાયા ભોળી. ૬
સોબતે અસર આવે, લક્ષણનો સંગ થાવે;
કસ્તુરી સુગંધ જાવેરે, ઓ કાયા ભોળી. ૭

અગડયો હું તારી સંગે, રમ્યો પર રામા સંગે;
કુડા કૃત્ય કીધાં અંગેરે, ઓ કાયા ભોળી. ૮
પારકી થાપણ રાખી, આળ ઓળ શીર નાંખી;
જુઠી મેં તો પુરી સાખીરે, ઓ કાયા ભોળી. ૯
પ્રાણ પાંજરામાં પ્યારી, રહ્યો છું કરારધારી;
કાયા નાવે કોઈ લારીરે, ઓ કાયા ભોળી. ૧૦
મારો છેડો છોડો કાયા, કારમી લગાડી માયા;
તારાથી ભોળા ઠગાયારે, ઓ કાયા ભોળી. ૧૧
કાયાની માયાને છોડી, સુકરાજ ગયા ઊડી;
પ્રાણ પાંજરાને તોડીરે, ઓ કાયા ભોળી. ૧૨
અનીતિના કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો;
સાંકળાની શીખ સજોરે, ઓ કાયા ભોળી. ૧૩

ગાયન ૫. હવે મને હરી નામસું નેહ લાગ્યો. (એ રાગ.)

મુરખડા મન તું મુકને માથાકુટ ખાલી,
હારી ભવબાજી હાથ જવું જીવ ઠાલીરે. ટેક.
ડાભ અણી જળ બિંદુ સરખું, જીવતર જીવડા જાણો;
ધર્મ જાણ્યા વિણ ભવસાગરમાં, તરશો કેમ કરી પહાણોરે. મુ. ૧
પાતાળમાં પાયો નાંખીને, મંદીર બેશ બનાવ્યું;
વાસ્તુ કર્યાં વિણ સ્વર્ગ સીધાવે, સાથે કોઇ ન આવ્યુંરે. મુ. ૨
જગતરૂપ જંગલ ઝાડીમાં, મન મરકટ આથડીયો;
કાલ વ્યાલ કરવસ ફાળ ચુકિયો, ચોગતી કુંપમાં પડીયોરે. મુ. ૩
પ્રપંચથી પૈસો પેદા કરી, પાપ એકલે બાંધ્યું;
સ્વજન સબંધી ગીધના ટોળે, ફોલી ફોલી ખાધુંરે. મુ. ૪

ચેતન ચેતી, મન મરકટને, જ્ઞાન રસથી બાંધ્યો;
વિષય કષાય તુજો સાંકળચંદ, અંતે શીવપુરી સાધોરે. મુ. ૫

ગાયન ૬. કાયા ને જીવનો સંવાદ.

ચેતે તો ચેતાવું તનેરે પામર પ્રાણી. એ રાગ.

કાયા જીવને કહે છેરે, ઓ પ્રાણપતી;
લાડ તો લડાવ્યા સારા, કદી ના કર્યા તુંકારા;
આજ તો રિસાણા પ્યારારે. ઓ પ્રાણપતી. ૧
ભેળા બેસીને જમાડી, બાગબગીચા ને વાડી;
ફેરવી બેસાડી ગાડીરે. ઓ પ્રાણપતી. ૨
અત્તર ફુલેલ ચોળી, કેસર કસુબી ઘોળી;
રમ્યા રસરંગ રોળીરે. ઓ પ્રાણપતી. ૩
શણગાર તો સજાવી, આભુષણોને પેરાવી,
મોજ મુજને કરાવીરે. ઓ પ્રાણપતી. ૪
રોજ તો હસીને રહેતો, પાણી સાટે દુધ દેતો;
આજ મૌન ધારી બેઠોરે. ઓ પ્રાણપતી. ૫
સજ્જનની એવી રીતી, જેની સાથે કરી પ્રીતિ;
વગડે ન મુકે રોતીરે. ઓ પ્રાણપતી. ૬
કરૂં છું હું કાલાવાલા, મુજને ન મુકો વાલા,
સાથે રાખોને છોગાળારે. ઓ પ્રાણપતી. ૭

ગાયન ૭. દાસપરે દયા લાવોરે. (એ રાગ).

પાર્શ્વ પ્રભુ અવધારોરે, વિનતી મારી, પાર્શ્વ પ્રભુ અવધારો.
અનાદીના કર્મયોગે, ફરી ફરી દુઃખના ભોગે;
થાકયો ઉપાડી પુદગલ ભારોરે વિનતી મારી. ૧

ખરેખાત દુ:ખના દાખે, છતાં મન મમતા રાખે;
આવ્યો નહી એકે મારો આરોરે. વિનતી મારી. ૨
સુઝે નહી મન મુંઝાણું, હવે એક શરણુ તમારૂં;
કેશવ ભવસાગર તારો, તારોરે. વિનતી મારી. ૩

ગાયન ૮. વિષય વાત મમ માત તજીને (એ રાગ)

પ્રભુ પ્રભુ લય લાગી છે મુજને, પ્રભુ મુખ દર્શન કરવા દે;
શાંત વૃત્તિથી સફળ મનોરથ, અમીના ઘુંટડા ભરવા દે ......પ્રભુ.
અમીઝર વામા નંદશું ચિત્તે, ભક્તિ સુધાને ધરવા દે;
રૂપપરી ધ્યાવન સહાકારીથી, રૂપતીત સંચરવા દે;
કેશવ શીવકા પુત તસ સંગે, અનુપમ સુખમાં ઠરવા દે ...પ્રભુ.

ગાયન ૯. જન જુવો વિષયના અંધારે (એ રાગ)

તમે લ્યોને મહાવીર ઉગારી, વિનતી કરૂં હું તમારી.
અજ્ઞાનપણામાં હુંરે ફસાણો, હાથ ઝાલીને તમે બચાવો;
બળતા દવથી ઉગારી વિનતી. ૧
હું તુમ સેવક સદાનો સાચો, મહાવીર મોક્ષ ગતી આપો;
પાપ મારાં સહુ નિવારી. વિનતી ૨

ગાયન ૧૦. કોઇ દીન જાની લેલો. (એ રાગ)

મહાવીર અમારી અરજી, ધરોને દીલમાં જીનવરજી. મહાવીર.
મુને દાસ તમારો સ્થાપી, અંતરનું સુખજ આપી;
મુજ મોહ દસા પ્રભુ હરજી મહાવીર.
તમે દયા દીલમાં ધારી, મારાં પાપ સહુ નિવારી;
મને ભક્તિ આપો તમે જીનવરજી. મહાવીર.

ગાયન ૧૧. મ્હાલા વૃજલાલ સાથે લાગીરે લગનીયાં (એ રાગ)

ચાલો ભવિ આજ જઇએ દરીશન કરવા શામળીયા જીનરાજ.

લઇ કર પુષપાળા, ભક્તિ નિશદીન મન ધારી;
હેતે પેરાવો સ્વામી અંગ, શિવ મારગાં હરવા ફરવા
ઠરવા આ ...... ચાલો. ૧

પ્રભુ ચિદાનંદ સ્વામી, પુજો પદ શીર નમાવી;
હૈયે ધારીને સાચો રંગ, શીવ મારગમાં હરવા ફરવા
ઠરવા આ .... ચાલો. ૨

સહુ મળી પાર્શ્વ મંડલ, ભાવે નવ રંગ જમાવી;
વેગે વરસાવો અનુભવ ગંગ, શીવ મારગમાં હરવા ફરવા
ઠરવા આ ...ચાલો. ૩

ગાયન ૧૨. ગોવિંદ ગુણ ગાવોરે. (એ રાગ)

જીણંદ ગુણ ગાવોરે . હે નરનાર
સત્ય સહાયક ત્રીભુવન નાયક, ધ્યાનથી નેહ લગાવોરે
હાં નેહ લગાવોરે હે નરનાર. જીણંદ. ૧
સર્વે આળ પંપાળ છોડીને, ધ્યાન ધરો ભવતરવા રે હાં
પાર ઉતરવારે હે નરનાર. જીણંદ. ૨
પતિત ઉદ્ધારણ ભવ દુ:ખ હારણ
મુક્તિ મંડલને તારોરે હાં પાર ઉતારોરે હે
નરનાર. જીણંદ. ૩

ગાયન ૧૩. નથી જગતમાં સાથ સંબંધી (એ રાગ)

અજીતનાથજિન સ્તવન.

શ્રી અજીતનાથ મહારાજ, ગરીબનીવાજ સુધારો કાજ,
તું સાચો સમરથ નાથ નાથ, તુંજ હાથ અનાથની લાજ;

વિષયકષાય પ્રમાદ વસેહું, પડીયો ભવકંતાર.
રાગ દ્વેષ બે કટ્ટા વેરી, પડે ન ચેન લગાર,
તુ મળ્યો અનંતિ વેળા, પણ કળ્યો ન રમીઆ ભેળા;
પ્રભુ ભવસાગરમાં ઝાઝ, જીવને આલંબન જિનરાજ. શ્રી અજીત.
તારંગે શ્રીત્રીભુવનપતી, સેવે સકળ સુરીંદ;
સેવક સાંકળચંદના, ટાળો ભવભય ફંદ;
પ્રભુ ભવસાગરમાં ઝાઝ, જીવને. શ્રી અજીત.

ગાયન ૧૪. દીનદયાળુ મારો શ્યામ (એ રાગ.)

દીન દયાળુ મારો વિર, મારો વિર મારા વિરરે,
જગત સુહંકર–જગત, રક્ષક એ–જી;
ભય ભંજન એ, જગત બન્ધુરે,
પ્રાણી સર્વેનો તું આધાર, તું આધાર તું આધારરે. જગત. ૧
જગત ઉદ્ધારી, સેવકને ગ્રાહી;
જલદી ઉતારો આ ભવપાર, આ ભવપાર,આ ભવપારરે. જગત. ૨

ગાયન ૧૫. ક્યાંથી આ સંભળાય (એ રાગ.)

સુમતીનાથ મુને તાર, દયાળુ, સુમતિનાથ મુને તાર,
ધન્ય દીવસ ને ધન્ય ઘડી આ, ધન્ય મુજ અવતાર;
પુણ્યોદયથી હું ભય પામ્યો, તુજ દર્શન આ વાર. દયાળુ. ૧
કેસર ચંદન ભરી કટોરી, આંગી કરૂં સર્વે સાર;
સીનોર ગામમાં આપ બીરાજો, ભલા પ્રભુ અમને તાર. દયાળુ. ૨
જૈન ધર્મ લઇ જરા ન પામ્યું, ન જાણ્યો ધર્મ લગાર;
આ દુનિયામાં અવતાર લઇને, ભર્યા પાપના ભંડાર. દયાળુ. ૩

કંઇકના છેદી કંઇકના ભેદી વરતાવ્યો બહુ ત્રાસ;
એ સહુ પાપો નાશ કરીને, પુરો મનની આશ. દયાળુ. ૪
તરણ તારણ કર્મ નિવારણ, સુગુણના ભંડાર;
સેવકને જીન હાથે ઝાલીને, ભવદધી પાર ઉતાર. દયાળુ. ૫

ગાયન ૧૬. દોહરો.

ક્ષણ ક્ષણ આવરદા ઘટે, ઘટે દીવસ ને રાત;
આજ તાણું હમણા કરો, કાલતણી શી વાત. ૧
સમય સીંચાણો શીર ફરે, ઝડપે તાકી દાવ;
ધર્મ વિના સરણું નહિ, ભાવના અસરણ ભાવ. ૨

ગાયન ૧૭. બાર ભાવનાના દુહા.

શ્રી સંખેશ્વર પાય નમી, નમું સદગુરૂ સવાર;
વાગ્દેવી વંદન કરી, ભણું ભાવના બાર. ૧
ભાવ શુન્ય જગ જીવડા, ભમે ભવાબ્ધિ અજાણ,
ભવ ભાવટ હર ભાવના, ભાવો ભવિક સુજાણ ૨
પ્રથમ અનિત્ય અશરણ પછી, એ સંસાર સ્વરૂપ;
એકત્વતા અન્યત્વતા, અસુચી આશ્રવરૂપ ૩
સંવર નિર્જર ભાવના, લોક સ્વરૂપ સુબોધિ;
દુર્લભ ધર્મ આરાધવો, ભાવના અથ અવરોધિ. ૪
બારે ભાવના ભાવતા, મટે મોહ ઉન્માદ;
વૈરાગી હોય આતમા, પ્રગટે અનુભવ સ્વાદ ૫
ભાવ રસાયણ ભાવના, કરે લોહને હેમ;
પથ્થર નવ પલ્લવ કરે, સતસંગ ગુણ જેમ. ૬

ગાયન ૧૮.

આવો ભવી આવો, પ્રભુને મોતીડે વધાવો;
મોતીડે વધાવો પ્રભુને પુલડે વધાવો. આવો. ૧
કેશરીયાનાથની કીરપા થકી આજ;
આનદ આનદ થાવો, મોતીડે વધાવો, પ્રભુને ફુલડે વધાવો.
આવો. ૨
સુખ દીવસ છે આજનો સારો, જય જય વિજય વિજય;
વિજય વિજય થાઓ, મોતીડે વધાવો પ્રભુને પુલડે વધાવો
આવો. ૩

ગાયન ૧૯.

વ્હાલા વિર જીનેશ્વર જન્મ જરા નિવારજોરે. (એ રાગ.)

વ્હાલા વાસુપુજ્ય જીનરાજ બાળને ..તારજો.:..રે
ત્રીભુવન સ્વામી અંતરજામી, આતમરામી અવિચલ ધામી;
દિન બન્ધુ દિન વત્સલ દુખ નિવારજો .. રે. વાલા. ૧
સાખી. લાખ ચોરાશી યોનિમાં, ભટકયો વારવાર;
ચાર ગતિમા ચોકમા, વેચાણો નિરધાર.
છેદન ભેદન તાડન તરજન વારજો .. રે વાલા. ૨
સાખી. ભજવ્યા ભવ મંડપ વિષે, નાટક નવ નવ રંગ;
થાકયો વિધી વિધી વેષથી, દ્યો સુખ હવે નિરધાર.
દિન દયાળુ સેવકને સંભારજો....રે. વાલા. ૩

ગાયન ૨૦. તોટક છંદ.

શ્રી ધર્મ જીનેશ્વર મહેર કરી, ભવજળથી મુક્ત કરો જલદી;
શરણાંગતની પ્રભુ વારે ચઢી, અરપો શીવ સુખ અખંડ વળી.

વિનવું તુજને પ્રભુ હસ્ત જોડી, સંસારીક સુખમાં લીન થઈ;
તુજ નામ સમર્યું નહિ એક ઘડી, પ્રભુ શી ગતી થાશે મુજ તણી.
કુકર્મ અતિ જો રાજી થઈ, પણ પાછળથી પસ્તાઇ મરે;
વિનવું તુજને પ્રભુ પાય પડી, દો સનમતિ સદ્ગતિ થાય અરે.
તારક તુમ વિણ અવર નહી, તુંજ સેવકનો હવે હસ્ત ગૃહી;
જલદી લઇ લે હવે મોક્ષપુરી, જન્માંતર ફેરા જાય ટળી. શ્રી ધર્મ.

ગાયન ૨૧. આખી આલમને ઠગનારી (એ રાગ).

આવી મુરતી મોહનગારી, ચીદાનંદ મહાવીર તારી;
ચીદાનંદ મહાવીર તારી (૨) આવી મુરતી મોહનગારી.
ચીદાનંદ. ૧
રાગને વારી, દ્વેષને મારી, કર્મ કટક ભવરણ સંહારી;
મુકિત પુરી શણગારી, આવી મુરતી મોહનગારી. ચીદાનંદ. ૨
કર્મ શું કરશે, ભર્મ શુ કરશે, પ્રભુ કરૂણા કરશે તો ડરશે;
મુજથી મોહ સ્વિકારી, આવી મુરતી મોહનગારી. ચીદાનંદ. ૩
રોગ ન આવે, સોગ ન આવે, ચાર ચોરનું જોર ન ફાવે;
સહાય થાય જો તારી, આવી મુરતી મોહનગારી. ચીદાનંદ. ૪
પામર પાળો, વિરૂદ સંભાળો, એક વાર જો સનમુખ ભાળો;
તો થઉં લઘુ સંસારી, આવી મુરતી મોહનગારી. ચીદાનદ. ૫
પ્રભુતા ધારી, પતિત ઉદ્ધારી, સેવક સાંકળચંદ સુધારી,
અરજી લ્યો ઉર ધારી, આવી મુરતી મોહનગારી. ચીદાનંદ. ૬

ગાયન ૨૨. રાગ અહો દીલદાર.

અહો દેદાર તમારા આજ, થતાં મહારાજ દુઃખો છટકી,
રહ્યા જોઇ રહ્યા મોઇ, શરણ તોઇ ગૃહ્યો મોઇ;

રહ્યા ભટકી અધર લટકી, ભવે ભટકી મરૂં પટકી,
કરો દ્રષ્ટી અમી વૃષ્ટી, જતાં કૃષ્ટી સુખી સૃષ્ટી. અહો. ૧
સાખી–જીનવર મુરતી પૂજતાં, થાયે નિર્મળ કાય;
તે માટે સેવો સહુ, પાપપુંજ વહી જાય. અહો. ૨
સાખી–ભવ અટવીથી ઊગરવા, સેવો શ્રીજીનરાજ;
સાણુંદ પાર્શ્વ મંડલી ગાયે જીનગુણ આજ. અહો. ૩

ગાયન ૨૩.

ચાલોજી ચાલો ચેતન આજરે, જીન શરણે જઇએ,
સુખ દુ ખની વાતો કહીએ, નરભવનો લાવો લહીએ;
રહીએ સદા મનધર ભાવમાં, જીનના ગુણ ગાઇએ,
ચીરમળ વારી જીનજી, અંગ ક્ષીરોદક ઢોળી:
મૃગમદ કેસર ચંદન બરાસ ઘોળી, ભરી કનક કચોળી.
જીનજીના અંગે ચોળી, પુજે સાધરની ટોળી;
ભવભવના પાતીક ત્રોડી, ભવિજન ભાવે પુષ્પ ચઢાવે,
જીન ગુણ ગાવે, શિવ સુખ પાવે, શરણે જીનરાજના રહીએ. ચા.

ગાયન ૨૪. ક્યાંથી આ સંભળાય. એ રાગ.

પુષ્પ પુજા કર આજ, ભવિકજન પુષ્પ પુજાકર આજ;
પામીશ શીવપુર રાજ, ભવિકજન પુષ્પ પુજા કર આજ,
નરભવ ઊપવન ચેતન માળી, શુભ કરણી કુલકાજ;
ભાવે પ્રભુની પુજા કરતાં, તરશે તારૂં ઝાઝ. ભવિકજન. ૧
મોગર માલતી ચંપા ચંબેલી, જાઇ જુઈ પુંન્નાંગ;
કુમકુમ વરણી જાસુદ લઇને, પુજો આણી રાગ. ભવિકજન. ૨

કેતકી નિર્મળ દાઉદી ડમરો, બકુલ સુગંધીદાર;
વિવિધ જાતના પુષ્પે પુજો, શીવ સુદરી ભરથાર. ભવિકજન. ૩
કુમાળપાળે પુરવ ભવમાં, કુલે પુજ્યા જીનરાજ;
પંચ કોડીઓ પોતે ખરચી, તેથી પામ્યા રાજ ભવિકજન. ૪
પુજા કુસુમની જે કોઈ કરશે, તરશે આ સંસાર;
ભાવ મંડળ કર્મ હઠાવી, રસીક વરે શીવ નાર. ભવિકજન. ૫

ગાયન ૨૫. ભવ બાજીનો ભુલાવો.

અરે જીવ ભુલ્યો ભવબાજી, થયો પરનિંદાથી રાજી.
માન મદ મત્સરમાં ગાજી, વક્ર થઇ બેઠો મનવાજી,
પરદારાના દેહ દીપકમાં, સ્નેહ પતંગ સપડાય;
જીવન જશ સળગાવી મુકે, ઘર ઘર નિંદા થાય,
થાય પરમેશ્વર ઈતરાજી, જાય ઈજ્જત જગમાં ઝાઝી. અરે. ૧
ખળ છળ ચિત્તમાં જ્યાં ત્યા ઘાલે, નિજ મુખ ચાર ગમાર;
મુગ્ધા ફંદ કુચ્છંદે ફસાવી, રંગ રમ્યો વિજાર,
ભારતભુત થયો નીચ રાજી, છાર શીર ધર્યાં દગલબાજી. ૨
બગપરે ઠગ થઈ જગને ધુતી, લુંટયો પરધન માલ;
વીટલ જટિલ પરે પડયો કીચમાં, જડયો ન જળ સ્થળ તાલ,
તાલ બગડયો બગડી બાજી, હાલ બેહાલ બન્યો પાજી. અરે. ૩
નિજ સ્વારથમાં સૌથી પહેલો, પરમારથનો ચોર;
કુડ કપટનો ભર્યો કોથળો, લબાડ લંઠ કઠોર,
ઢોર સમ ગણી ભાજી ખાજી, તોરથી જનની તુંજ લાજી. અરે. ૪
ઈર્ષાળુ અભિમાની હલકો, ચાડી ચુગલીખોર,

પરધન હરવા કરે પ્રપંચો, ફરે હરાયું ઢોર;
ચોર ચિત્ત ચુકયો તું બાજી, ગઇ તુજ અક્કલ કયાં ઝાઝી. અરે.૫
દેહ ક્ષણીક આયુ છે ચચળ, જળ કલ્લોલ પ્રકાર,
મધુ બિંદુ સમ ફોગટ આશા, ખાવો આખર માર;
બારકજ ભીડયાં ભમરાજી, કાળગજ ચાવે મુખમાંજી. અરે. ૬
મન સાગર સંકલ્પ તરંગો, વિવેક વ્હાણુ શ્રીકાર,
સમરગીરી સંકટ દુર નિવારી, વેગે ઉતરે પાર;
ધારતે વીરલા જગ કાજી, નમે તસ પાય દેવતાજી. અરે. ૭
સુકૃત કરવા તન મન ધનથી, ભીડો હૈયે હામ,
નિશદીન આળશ દુર નિવારી, જપો પ્રભુ નામ;
કામ સૌ સફળ થાય આજી, રહે જગનાથ સદા રાજી. અરે. ૮
સદાચાર સદ્બુદ્ધિ નીતિ, સત્ય શીયળમાં ધીર,
ક્ષમા દયા ને સરલ સ્વભાવી, પરદુઃખ ભંજન વીર;
ચિરંજય કિરતી રહે ગાજી, ગાય સાંકળચંદ વાહવાજી. અરે. ૯

ગાયન ૨૬. હું નથી ગુણકા હવે હાડાની રાણી (એ રાગ.)

સુણુ ચેતન ચિત્તમાં, ચતુર કેમ થઇ ચુકયો,
પડી મોહ જાળ જંજાળ, ધર્મ નિજ મુકયો;
પણ કાળ વ્યાલ મુખ, ફાડી ભમે તુંજ માથે,
જર જમીન જોરૂં નહી, જાય કોઈ સંગાતે. એ ટેક. ૧
તન તાપ સહી ધન્ય, રળે પાપ વ્યાપારે,
કરી સંચય નહિ વાવરે, ધરે નહિ ભંડારે;
આખર માલીક કોય થાય, જાય નહી સાથે. જર. ૨

નિજ નિ/ વસુમતિ કહી, ભુપતી જંગ મચાવે,
લપ ગ્રાહ્ય હરી રણમાં, નીજ શીર કપાવે;
તે વસુમતી સતી ન થાય, ભુપતી સાથે- જર. ૩
નારી દુ:ખની કયારી, મોહરાયની બારી,
નિજ પ્રીયા પ્રાણથી, અધિકી પતિએ પાળી;
તે કંથ વળાવી પોળ, વળે ઘર પંથે. જર. ૪
જીવ જવું એક દીન, દોલત દુનિયા છોડી,
સાથે નહિ આવે, કુટુંબ કબીલો કોઇ;
એ સ્વજન કુટુંબ પરીવાર, મળ્યો સૌ સ્વાર્થે. જર. ૫
પર અપવાદે વાચાળ, સ્તુતિમાં મુંગો,
પરગુણ દ્રોહી અભિમાની, રહે શીર તુંગો;
જીવ સુણે સ્વાર્થની વાત, બધીર પરમાર્થે. જર. ૬
તન રંગ પતંગ સમાન, પલક પલટાશે,
કર સુકૃત ચેતન હાલ, પછી પસ્તાશે;
પરભવનું ભાતું થશે, વાવર્યું હાથે, જર. ૭
તુજ સમય સરસ છે, હાલકાલ શું થાશે,
અંતે પીત વાત કેફ કરી, કંઠ રૂંધાશે;
તે સમે પ્રભુ કેમ ભજીશ, મુઝાણો." જર. ૮
એમ સમજી પ્યારા પ્રાણ, ધ્યાન પ્રભુ ધરજે,
તજી રાગ દ્વેષ મમતા, સમતા આદરજે;
જીવને શીક્ષા કરી, સાંકળચંદ અનાથે. જર. ૯

ગાયન ૨૭ ચેતનને સંદેશો

મન માને નહીં સો ફેરા સમજાવું તો શું થાય. રાગ.

કર સુકૃત હાલ લાલ કાલ, કરવું તે મિથ્યા માનજે.
ચળ પિંપળ પાન ઉદધિ ઉધાન, સમાન એ જીવતર જાણજે
જીવ ભ્રમર કમળમાં લપટાયો, ચિંતેજ ઉભાનું ઉદય પાયો;
ગજ કાળ કોળીએ ઝડપાયો. કર. ૧
નિજ જનની કુખમાં કોલ કર્યો, ત્હેં બોલ ન પાળ્યો એક ખરો;
દુઃખ ગર્ભવાસ તણો વિસર્યો. કર. ૨
તું બાળપણે રમ્મત રસીયો, યોવનમદ મોહજાળ ફસીયો;
ગઇ બાજી ઘડપણ ધસમસીયો. કર. ૩
નિજ ધર્મ સ્વાર્થ ઘેલો ભુલ્યો, સંસાર સુખે ફોગટ ફુલ્યો;
ગ્રહી કાચ હાથ હીરો ડુલ્યો. કર. ૪
નિજ નિજ પૃથ્વી કહી જંગ કરે, રણ થંભ રચી લખ પ્રાણ હરે;
તે વસુમતી સાથ ન જાય ખરે. કર ૫
ધન્ય કારણ દેશ વિદેશ ભમે, સિત ઉષ્ણ દિનતા દુઃખ ખમે;
તે સાથ ન આવે અંત સમે, કર. ૬
પરણી શેરીથી પાછી વળે, સમશાન લગી સૌ સ્વજન મળે;
જીવ પંથ ચલે વપુ કાષ્ઠ બળે. કર. ૭
દીન એક જવું ખાલી હાથે, નહિ મોહ કુટુંબ આવે સાથે;
પણ પુણ્ય પાપ હોય સંગાતે, કર. ૮
નર ભવનું ફળ લેવા ધારે, તપ જપ કર શક્તિ અનુસારે;
કર ભક્તિ પ્રભુ ભવ જળ તારે, કર. ૯
તું દાન દયાને દમન કરજે, મમતા તજી સમતા આદરજે;
સાંકળચંદ ભવસાગર તરજે, કર. ૧૦

ગાયન ૨૮. ઉગ્યો સખી સૃષ્ટીનો શૃંગાર એ રાગ.

વ્હાલો મારૂ દેવીનંદ ચંદ્ર, ઇંદ્ર વૃંદ્ર પુજે જીણંદને,
વંદો ભવિ વિમળગીરી ચંદ્ર ઇંદ્ર, આદી જીણંદ મુણીંદને.
સાખી. પ્રથમ પતિ પૃથ્વી તણા, પ્રથમ જીણંદ મુણીંદ;
આદીનાથ યોગીંદ્રના, પુજો પાય સુરીંદ.
ધનુષ્ય પાંચસે પ્રભુની કાયા કંચન સમ ભલીરે,
વિનીતા નગરીના વિભુરાયા નમીએ લળિ લળિરે;
ધરોને પ્રભુ આદી જીણંદનું ધ્યાન કરોને તમે શાંતિ સુધારસ પાન.
સાખી. લખ ચોરાશી પુર્વનું, પુરણ પ્રભુનું આય;
સુરનર કીન્નર હળી મળી, ગુણ ગણ પ્રભુના ગાય.
જે પુજે પ્રભુના પાય, તેને મંગળ માળા થાય;
વળી અષ્ટ મહા ભય જાય, સવી પાતક દુર પળાય.
સાખી. સીદ્ધાચલ રાજા સદા, સમરો આદી જીણંદ;
પદ પંકજ મધુકર રમે, સેવક સાંકળચંદ. વ્હાલો મારૂ.

ગાયન ૨૯. ક્યાંથી આ સંભળાય. (રાગ)

પ્રથમ ચરમ જીનરાજ, પરમ પ્રભુ પ્રથમ ચરમ જીનરાજ;
સકળ સંઘના ભવસાયરમાં, તારણ તરણજ ઝાંઝ. પરમ પ્રભુ. ૧
ભાવનગરમાં આદીજીણંદનું, મંદીર જગ વિખ્યાત;
નલીનિ ગુલ્મ પૃથ્વીપર ઉતર્યું, સ્વર્ગ કરતું વાત. પરમ પ્રભુ. ૨
બીજું મંદીર વીર જીણંદનું, દાદાનો દરબાર;
નવિન કર્યું શ્રી સંઘે અધુના, શોભાનો નહિ પાર. પરમ પ્રભુ. ૩
બીજાં પણ મંદીર ભાળી, આનંદ અંગ ન માય;
સાંકળચંદ શ્રી સંઘની કરશે, શાસન દેવતા સહાય. પરમ પ્રભુ. ૪

ગાયન ૩૦ સૈદા તારો ખુબ છે દહાડોરે એ. રાગ.

સજ્જન સહુ મંદિર આવોરે, સજ્જન સહુ મંદિર આવોરે;
પ્રેમ ધરીને પ્રભુજીનું મુખ જોઈ, ખુશી થાઓ,
જૈનમંદિરની અંદર આવી, સદા સુખી થાઓ;
દરિશન કરી રાજી તો થાઓરે. સજ્જન. ૧

પ્રભુજીના મસ્તકે મુગટ, કાને કુંડલ સાર;
બાંહે બાજુબંધ બેરખાં શોભે, આનંદ થાએ અપાર,
ભાવેથી ભાવના ભાવોરે. સજ્જન. ૨

પ્રભુજીના દર્શન કરવાથી, જન્મ સફલ થયો આજ;
પાર્શ્વ પ્રભુ તુમ દરીશન કાજે, આવ્યો છું તુમ દરબાર;
દર્શનને માટે હું આવ્યોરે. સજ્જન. ૩

ભાવ પ્રકાશક જૈન સંભવ મંડળ, કરજોડી કહે નાથ;
મહેર કરીને એહ પ્રભુજી, સેવકનો ઝાલો હાથ;
દયા કાંઇ દીલમાં લાવોરે. સજ્જન. ૪

ગાયન ૩૧ મન ભમરાની ભ્રાન્તિ.

ક્યાંથી આ સંભળાય મધુર સ્વર એ રાગ.

સમજ મન ભમરા ભુલ્યો ભાન.
કાળ અનાદીથી ભમતો આવ્યો, થાક્યો નહીં નાદાન. સમજ. ૧
કમળ કોષગત ભ્રમર વિંચારે, કરશું પ્રભાતે પ્રયાણ;
કાળ મતગંજ કરે કોળીયો, હાર્યો ભવ હેવાન. સમજ. ૨
ચક્રિ હરી બળભદ્ર દસાતન, પોઢયા જઇ સમસાન;
અમર રહ્યો નહિ કાંઈ જગતમાં, રંકરાય વિદ્વાન. સમજ. ૩

ગંગતરંગ રંગ આ તનનો, જેમ સંધ્યા અસમાન;
ઉલટ પલટ છાંયો ત્યાં તડકો, અસ્તોદય શશિ ભાણુ. સમજ ૪
ધન્ય ધરા માંની નીજ ચેતન, વ્યર્થ કરે અભિમાન;
સાથ ન આવે દોલત દુનીયાં, પુણ્ય પાપ પ્રસ્થાન. સમજ ૫
તન ધન યોવન કુંભ કાચનો, જયમ જળધી ઉધાન;
વિણસંતાં કાંઇ વાર ન લાગે, પિંપળપાન નિદાન. સમજ. ૬
અરહટ ઘટી ઠલવાય ભરાયે, તેમ સુખ દુઃખ જીવ જાણુ;
કરમ કરે તે કોઇ પણુ ન કરે, હરખ શોક નવ આણુ. સમજ ૭
મન ભમરા પરઘર નવ ભટકો, નિજ ઘર રહો સાવધાન;
સાંકળચંદ કહે મન ભમરા, નિશદીન ધર પ્રભુ ધ્યાન. સમજ. ૮

ગાયન ૩૨ બાહુ જિન સ્તવન.

સાહેબ બાહુ જીનેશ્વર વિનવું, વિનતડી અવધાર હો;
સાહેબ ભવ ભયથી હું ઉભગો, હવે ભવપાર ઉતાર હો. સાહેબ. ૧
સાહેબ તુમ સરીખા મુજ શીરછતે, કર્મ કરો કેમ જો રહો;
સાહેબ ભુજંગ તણો ભય ત્યાં નહી, જે વન વિચરે મોર હો સા. ૨
સાહેબ જયાં રવિ તેજે જળહળે, તિહાં રહે કેમ અંધકારહો;
સાહેબ કેસરી જિહાં ક્રિડા કરે, તિહાં નહી ગજ ધરી ચારહો.સા.૩
સાહેબ તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરીત સંભાર હો;
સાહેબ વચ્છ વિજય સુસીમા પુરી, રાય સુગ્રીવ મલારહો. સા. ૪
સાહેબ હરીણુ લંછન એમ મેં સ્તવ્યો, મોહની રાણીનો કંથ હો;
સાહેબ વિજયાનંદ મુજ દીયો, જસ કહે સૂખ અનંત હો. સા. ૫

ગાયન ૩૩.

વ્હાલા વિરજીનેશ્વર જન્મ જરા નિવારજોરે;
પ્યારા પ્રભુજી પ્રીતે મુજ શીરપર કર સ્થાપજોરે,
ત્રણ રત્ન આપો પ્રભુ મુજને, ખોટ ખજાને નહિ કો તુજને;
અરજી ઉરધરી કર્મ કટક સંહારજો રે. વ્હાલા. ૧
કુમતી ડાકણ વળગી મુજને, નમી નમી વિનવું હે પ્રભુ તુજને;
એ દુ:ખથી દુર કરવા વહેલા આવજો રે. વ્હાલા. ૨
આ અટવીમાં ભુલો પડીયો, તું સાહેબ સાચો મુજ મળીયો;
સેવકને શીવપુરની સડક દેખાડજો રે. વ્હાલા. ૩
અરજી ઉચરીને જીન આગે, મહાવીર મંડળ પ્રભુપદ માગે;
મહેર કરી મહારાજ બાળને તારજો રે. વ્હાલા. ૪

ગાયન ૩૪ કાયા કાચો કુંભ છે. (એ રાગ)

સાખી—કુમતિ હરી સુમતી સદા, આપો સુમતિનાથ;
ભવસાગરમાં બુડતાં, ઝાલો પ્રભુજી હાથ.

જગત્ જંજાળમાં બહુ કાળ જીવ મુંઝાઈ રહ્યો;
પડયા રીપુ રાગ દ્વેષ બેકેડ હું, લાચાર થયો. જગત. ૧

સાખી—વિષય કષાય પ્રમાદથી, રઝળ્યો આ સંસાર;
પામર પાળ દયાળ તું, ઉતારે ભવપાર.

તજી સ્વસ્વભાવ આત્મં, વિભાવમાં પડી દુ:ખી થયો;
મુડી બધી ખોઇ બેઠો બોઈ, વ્યાજમાં ડુલી ગયો. જગત. ૨

સાખી—પર પરણુતીથી પ્રાણીએ, ભજવ્યા વિધવિધ ફંદ;
પણ કરૂણા કરી તારજયો, સેવક સાંકળચંદ. જગત. ૩

ગાયન ૩૫ પંખીડા અને મુસાફર ખાનું.

જંજાળી જીવડે મુક્તિની જુક્તિ ન જાણી. એ રાગ.

પંથીડા પ્યારા મુસાફર, ખાનું ન તારૂં;
ઉચાળો ભરશો, અણધાર્યો નિરધારૂં. પંથીડા. ૧
વાદળ ગોટો જળ પરપોટો, ખેલ જગતનો ખોટો;
કાયા કાચો કુંભ પકડશે, કાળ કંઠનો ટોટોરે. પંથીડા. ૨
પર્ણકુટીમાં રહ્યો મુસાફર, કાયમનો હક માગી;
પવન પ્રચંડે પડે કુટી તવ, જાય મુસાફર ભાગીરે. પંથીડા. ૩
અવધે જિર્ણ જરૂખે પડશે, નિશ્ચે હંસા જાણો;
નવિન મહેલ પણ વાવાઝરડે, પડે અચિંત્ય અજાણોરે. પં. ૪
એક દીન જીવ વીના કાયાની, તાણી બાંધશે ઝોળી;
સ્વજન સંબંધી કુટી બાળશે, જેમ ફાગણની હોળીરે. પંથીડા. ૫
પંથીડા પરદેશ જવાનું, એક દીન નિશ્ચે જાણો;
સાંકળચંદ કહે સતસંગે, જગનો નાથ પિછાણોરે. પંથીડા. ૬

ગાયન ૩૬.

ચાલોજી ચાલો ચેતન આજરે, જીન શરણે જઇએ.
સુખ દુઃખની વાતો કહીએ, નરભવનો લાવો લહીએ;
રહીએ સદા મનધર ભાવમાં, જીનના ગુણ ગઇએ.
વીરમળ વારીજીનજી, અંગ ક્ષીરોદક ઢોળી;
મૃગમદ કેસર ચંદન બરાસ ઘોળી, ભરી કનક કચોળી.
જીનજીને અંબે ચોળી, પુજે સાધરની ટોળી;
ભવોભવના પાતીક તોડી.
ભવિજન ભાવે પુષ્પ ચઢાવે, જીન ગુણ ગાવે શીવ સુખ પાવે;
શરણે જીનરાજના રહીએ, ચાલોજી.

ગાયન ૩૭ ગઝલ.

પધારો પાર્શ્વ મહારાજા, વગાડી હર્ષનાં વાજાં;
દુનિયા સૌ આનંદ વરતાવે, નહિ કોઈ દુઃખમાં આવે;
પધારી આનંદમાં ગાજ્યા, વગાડી હર્ષનાં વાજાં. પધારો. ૧
તમોને વિનંતી કરૂં છું, હું ભક્તિ ભાવને ધરૂં છું;
અબીલ ગુલાલ ઉડે ઝાઝા, વગાડી હર્ષના વાજાં. પધારો. ૨
આપના દર્શનને કારણે, ઊભા છે લોક બહુ બારણે;
પુષ્પોના હાર ચઢે તાજા, વગાડી હર્ષનાં વાજાં. પધારો. ૩
મંડલ સહુ પ્રેમથી પુજે, પુજાથી ધ્યાન નહી દુજે;
ગાયે બાળક મળી ઝાઝા, વગાડી હર્ષનાં વાજાં. પધારો. ૪

ગાયન ૩૮ રાગ ચાબખા.

મુરખો ગાડી દેખી મકલાવે, ઉમર તારી રેલ તણી પર જાવે.
સંસાર રૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દોય પાટા;
દેહ ડબા ને પળપળ પૈડા, એમ ફરે આઉખાના આંટારે. મુરખો. ૧
કર્મ અંજીરમાં કષાય અગ્નિ, વિષય વારી માંહી ભરીયું;
તૃષ્ણા ભુંગળું આગળ કર્યું ત્યારે, ચારે ગતિમાં ફરીયુંરે. મુરખો. ૨
પ્રેમ રૂપી તો આંકડા વળગાડયા, ડબ્બે ડબ્બા જોડાયા ભાઇ;
પુરવ ભવની ખરચી લઇને, બેઠા બેસારૂ ચેતન માંહીરે. મુરખો. ૩
કોઇએ ટીકીટ લીધી નરક તીર્યંચની, કોઇએ લીધી મનુષ્ય દેવા;
કોઇએ ટીકીટ લીધી સિદ્ધ ગતીની, પામવા અમૃત મેવારે. મુરખો. ૪
ઘડી ઘડી ઘડીઆળાં વાગે એમ, રાત દીવસ વહી જાવે;
વાગે સીટી ને ચાલે અગન ગાડી, માસ માસના મેલ આવેરે. મુરખો. ૫

આયુષ રૂપી આયુ ઇસ્ટેશન, હંસલો હાલુ હાલુ થાયે;
પાપ ભરી પ્રાકીટ લેઈ જાતાં, કોટવાળ પકડી જાયરે. મુરખો. ૬
ઝાલી નરકમાં જમરાય પાસે, જઈને સોંપે તતકાળે;
આરામ કરીને આંગ્યો પરૂણો, તેને કુંભીના પાકમાં ઘાલેરે. મુ. ૭
લાખ ચોરાસી જીવાયોનીમાં, જીવડો રોળ્યો વારંવારે;
સદ્ગુરૂ શીષ્ટ ધર્મ આરાધો, પામીએ ભવજળ પારરે. મુરખો ૮
સંવત્ ૧૯૪૨ વરસે, ગાવે ગાડી ભાવે આણી;
સદ્ગુરૂ ચરણે શીશ નમાવી, વેરે મોહન સીવરાણીરે. મુરખો ૯

ગાયન ૩૯.

પ્રભુ મારા વીનવું છું રે, મહાવીર સ્વામી;
ભલી ભક્તિ કરૂં છું રે, મહાવીર સ્વામી.

ભવરણમાં હું ભટકયો, મીથ્યા મતે ઝેર જમ્યો;
પુદ્ગલને નવિ દમ્યોરે, મહાવીર. ૧

પુર્વે પુન્ય પુરૂ કીધું, રાંકને દાન ન દીધું;
ખરૂં કામ નહિ સાધ્યુંરે, મહાવીર. ૨

મોહજાળમાં ફસેલો, અભીમાનમાં છકેલો;
સંસાર માંહી વસેલોરે, મહાવીર. ૩

અજ્ઞાની જીવે આમ, કીધા કામ ઠામો ઠામ;
પાપ ભરેલા તમામરે, મહાવીર. ૪

ચોવીસમા જીનરાજ, મહાવીર મંડળી આજે;
નમે પ્રાણસુખ કાજરે, મહાવીર. ૫

ગાયન ૪૦.

॥ અથ શ્રી સીમંધર જિન ચૈત્યવંદનમ્.

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન ઉપગારી;
શ્રી શ્રેયાંશ પિતાકુલે, બહુ શોભા તમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી:
વૃષભ લંછને બિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચસેં દેહડીએ, સોહિયે સોવન વાન;
કીર્ત્તિ વિજય ઉવઝાયનો, વિનય ધરે તુમ ધ્યાન. ૩

ગાયન ૪૧.

॥ અથ શ્રી ચોવીશ જિનનું ચૈત્યવંદન. ॥

પદ્મપ્રભુ ને વાસુ પૂજ્ય, દોય રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજ્વલ લહીએ. ૧
મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દો નિલા નિરખ્યા;
મુનિ સુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા. ૨
સોલે જિન કંચન સમા એ, એવા જિન ચોવીશ;
ધીર વિમલ પંડિત તણો, જ્ઞાનવિમલ કહે શિષ્ય. ૩

ગાયન ૪૨.

॥ અથ શ્રી પરમાત્માનું ચૈત્યવંદન ॥

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ દેવાધિ દેવ, નયણે મેં દીઠ. ૧
અચલ અકલ અવિકાર સાર, કરૂણા રસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિઃકારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કળ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

ગાયન ૪૩.

॥ અથ ચોવીશ જિન લંછનનું ચૈત્યવંદન. ॥

વૃષભ લંછન ઋષભદેવ, અજિત લંછન હાથી;
સંભવ લંછન ઘોડલો, શીવપુરનો સાથી. ૧
અભિનંદન લંછન કપિ, કૌંચ લંછન સુમતિ;
પદ્મ લંછન પદ્મપ્રભુ, વિશ્વદેવ સુમતિ. ૨
સુપાસ લંછન સાથીઓ; ચંદ્રપ્રભ લંછન ચંદ;
મગર લછન સુવિધિ પ્રભુ, શ્રી વચ્છ શીતલ જિણંદ. ૩
લંછન ખડ્ગી શ્રેયાંસનો, વાસુપૂજ્યને મહિષ;
સૂઅર લંછન પાય વિમલદેવ, ભવિયાં શેવો ઇશ. ૪
સીંચાણો જિન અનંતને, વજ્ર લંછન શ્રી ધર્મ;
શાંતિ લંછન મરઘલો, રાખે ધર્મનો મર્મ. ૫
કુંથુ લછન બોકડો, અરજિન નંદાવર્ત;
ઘટ લંછન મલ્લિ પ્રભુ, કાચબો મુનિ સુવ્રત. ૬
નમિ જિનને નીલોકમલ, પંકજ નમિય;
શંખ લંછન પ્રભુ નેમજી, દીસે ઉંચે અંધ્રિય. ૭
પારસનાથજીને ચરણે સર્પ, નીલવરણુ સોલંત;
સિંહ લંછન કંચન તનુ, વર્દ્ધમાન વિખ્યાત. ૮
ઇણિપરે લંછન ચીંતવી, ઓલખીએ જિનરાય;
શ્રી મહિમા પ્રભુ સુરિનો, લક્ષ્મી રતન સુરિરાય. ૯

ગાયન ૪૪.

અથ શ્રી ગૌતમ પ્રભાતી સ્તવન.

માત પૃથ્વી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામવેલે;
પ્રહસમેં પ્રેમસું જેહ ધ્યાતાં સદા, ચઢતી કળા હોય વંસવેલે. મા. ૧

વસુભુતી નંદન વીશ્વજન વંદન, દુરત નીકંદન નામ જેહનું;
અભેદ બુધ્ધે કરી ભવીજન જે ભજે પૂર્ણ પહોંચે સહી ભાગ્ય
તેહનું. મા. ૨

સુરમણિ જેહ ચિંતામણિ સુરતરૂ, કામીત પૂરણ કામધેનુ,
એહજ ગૌતમ તણું ધ્યાન હૃદયે ધરો, જેહ થકી અધિક નહીં
માહાત્મ્ય કહેનું. મા. ૩

જ્ઞાન બળ તેજ ને સકળ સુખ સંપદા, ગૌતમ નામથી સીધ્ધિ પામે,
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુરનર જેહને શીશ
નામે. મા. ૪

પ્રવણ આદે ધરી માયા બીજે કરી, સ્વમુખે ગૌતમ નામ ધ્યાવે;
કોડી મન કામના સફળ વેગે ફળે, વિઘન વૈરી સવે દૂર જાવે. મા.૫

દુષ્ટ દૂર ટળે સ્વજન મેળો મળે, આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે;
ભૂતને પ્રેતમાં જોર ભાજે વળી, ગૌતમનામ જપતાં ઉલ્લાસે. મા.૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પન્નરસે ત્રણને દીખ દીધી,
અઠ્ઠમપારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધેં કરી અખુટ કીધી.મા.૭

વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીસ કરી વીર સેવા;
બાર વરસ લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નીત્ય
દેવા મા. ૮

મહીયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણ નીધી રીદ્ધીને સિદ્ધી દાઈ;
ઉદય જસ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત
સવાઇ. મા. ૯

૪૫

અથ શ્રી દીવાલીનું સ્તવન.

(ગાયન ૪૫. વહાલાજીની વાટડી અમે જોતાંરે એ દેશી.)

જય જિનવર જગહિતકારીરે, કરે સેવા સુર અવતારીરે;
ગૌતમ પમુહા ગણધારી, સ્નેહી વીરજી જયકારીરે.
અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપાટોપેં વાસેરે;
લહ્યું કેવળ નાણ ઉલ્લાસે. ॥ ૨
કટીલંકે વાદ વદાયરે, પણ જિન સાથે ન ઘટાયરે;
તેણે હરિ લંછન પ્રભુ પાય. ॥ ૩
સવિ સુરવહુ થેઇથેઇકારારે, જલ પંકજની પેરે ન્યારારે;
તજી તૃષ્ણા ભોગવિકારા, ॥ ૪
પ્રભુ દેશના અમૃત ધારારે, જિન ધર્મ વિષે રથ કારારે;
જેણે તાર્યા મેઘકુમારા. ॥ ૫
ગૌતમને કેવલ આલીરે, વર્યા સ્વાતિયે શીવ વરમાલીરે;
કરે ઉત્તમ લોક દીવાલી. ॥ ૬
અંતરંગ અલચ્છિ નિવારીરે, શુભ સજજનને ઉપગારીરે;
કહે વિર પ્રભુ હિતકારી. ॥ ૭

ગાયન ૪૬.

॥ શ્રી સીમંધર જિન ગહૂંલી. ॥

સીમંધર નિત્ય વદીયે, નિજ શુદ્ધ સ્વરૂપે હાંહાંરે. નિજ.
ત્રિવિધ અવંચક યોગથી, અધ્યાતમ રૂપે હાંહાંરે. અધ્યા. ૧

બાર ગુણે કરી શોભતા, બાર પરખદા થાયે હાંહાંરે. બાર.
સ્યાદ્વાદ દિયે દેશના, દ્રવ્ય ગુણ પર્યાયે હાંહાંરે. દ્રવ્ય. ૨
મૈત્રી મુદિતા ભાવના કરૂણારસ ઝીલે હાંહાંરે. કરૂણા.
ભાવે લય લીનતા મધ્યસ્થ સલીલે હાંહાંરે. મધ્યસ્થ. ૩
નિજગુણ સવિ નિજમાં રહે, સ્થિરતા હંસની રીતે હાંહાંરે. સ્થિરતા.
કર્ત્તા કાર્ય અભ્યાસથી સીમંધર પ્રતીતે હાંહાંરે સીમંધર. ૪
નય નિક્ષેપે ન જાણિયે, જીહાં પસરે ન પ્રમાણ હાંહારે. જીહાં.
શુદ્ધ સ્વરૂપ તે દાખવે એક અનુભવ ભાણ. હાંહાંરે. એક. ૫
બુદ્ધિ વિજય ગુરૂગમથકી, નીત્ય જીન ગુણ ગાવે. હાંહારે નિત્ય.
ઉપાદાન અભ્યાસથી, અક્ષય પદ પાવે. હાંહાંરે અક્ષય. ૬

ગાયન ૪૭.

॥ અથ શ્રી અધ્યાત્મની ગહુંલી. ॥

સુણ સાહેલી ગુરૂ મુખથી, અધ્યાતમ સુણીએ ભાવે,
સુણતાં ભાવે જન્મ મરણનો, નાશ સદા સુખ પાવે.
અધ્યાતમ યોગી મન લાવે, જેમ તરૂણી ગીત યુવક ગાવે;
બિંદુ સુખ કાંતા ચુંબનમાં, ઉદધિ સમ તેહ અધ્યાતમમાં. સુ. ૧
અધ્યાતમ શાસ્ત્ર સંતોષ સુખી, ન ગણે તે નૃપાદી સદા દુંખી;
અધ્યાતમ છેદન માયાનું, જેમ વજ્ર હોવે જગ પર્વતનું. સુ. ૨
મૈત્રી ભાવના ઉલસે ત્યારે, અધ્યાતમ ચંદ્ર ઉદય જ્યારે;
મોહ ઉત્કટ જાલ દહન માટે, દાવાનલ સમ તે શીવ વાટે. સુ. ૩
પંથ ધર્મ તણો સુસ્થિત હોવે, પાપ ચોર કદી ન સામુ જોવે;
સામ્રાજ્ય અધ્યાતમનું જ્યારે, કોઈ જાત ઉપદ્રવ નહી ત્યારે.૪

વિષયોને કષાય પિશાચ સદા, પ્રાણીને પીડે અતિ દુઃખદા;
મનમાં અધ્યાતમ ભાવરમે, તે દુષ્ટ સદા સવિ દૂર ગમે. સુ. ૫
પરિણામ અધ્યાતમનો જ્યારે, હોય મનમાં નવિ આવે ત્યારે;
ક્રોધાદીક વિષયરૂપી ભૂતો, હોય શાશ્વત પદ સુખ સદ્દભૂતો. સુ. ૬
જો આતમ રસ મન નવિ આવે, તો કામ ચંડાળ પીડે દાવે;
પંડિતને પણ ભવ જાલવને, એમ જાણી રહો સવી શુદ્ધ મને. સુ. ૭
તૃષ્ણા વિષ વલ્લિ જેહ વધે, મન વનમાં ભવિના વેગ સધે;
દાતરડું જો અધ્યાતમ મલે, તો તે વિમાસે વલી મોહ ટળે. સુ. ૮
ઇત્યાદિક રૂપ અધ્યાતમ મુણે, ગુણ તેહના શવિ નરનારી સુણે;
બુદ્ધિ નિત્ય વિન્યે જીવ લહે, શિવ રમણી વલી શીવ સુખ
માંહિ રહે. સુણ. ૯

ગાયન ૪૮.

॥ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન. ॥

પ્રવચનની પ્રભાવના નિત્ય કરીએ. એ રાગ.

વિરકુંવરની વાતડી કોને કહીયે, હાંરે કોને કહીએરે કોને કહીએ;
હાંરે નવિ મંદીર બેશી રહીએ, હાંરે સુકુમાળ શરીર. વીર. ૧
બાળપણાથી લાડકો નૃપ ભાવ્યો, હાંરે મળી ચોસઠ ઇંદ્ર મલ્હાવ્યો.
ઈદ્રાણી મળી હુલરાવ્યો, હાંરે ગયો રમવા કાજ. વીર. ૨
છોરૂ ઉછાંછળા લોકના કેમ રહીએ, હાંરે એની માવડીને શું કહીએ;
કહીએ તો અદેખા થઇએ, હાંરે નાશી આવ્યા બાળ. વીર. ૩
આમલકી ક્રીડા વિશે વિટાણો, હાંરે મોટો ભોરીંગ રોષ ભરાણો;
વીરે હાથે ઝાલીને તાણ્યો, હાંરે કાઢી નાંખ્યો દુર. વીર. ૪
રૂપ પિશાચનું દેવતા કરી ચાલ્યો, હાંરે સુજ પુત્રને લેઈ ઉછાળ્યો;

વિર મુષ્ટિ પ્રહારે વળીયો, હાંરે સાંભળીએ એમ. • વીર. ૫
ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, હાંરે સખીઓને ઓળંભા દેતી;
ક્ષણુ ક્ષણુ પ્રભુ નામ લેતી, હાંરે તેડાવે બાળ. • વીર. ૬
વાટ જોવતાં વિરજી ઘરે આવ્યા, હાંરે માતા ત્રિશલાએ નવરાવ્યા;
ખોળે બેસીને હુલરાવ્યા, હાંરે આલિંગન દેત. વીર. ૭
યોવન વય પભુ પામતા પરણાવે, હાંરે પછી સંજમસુ દીલ લાવે;
ઉપસર્ગની ફોજ હઠાવે, હારે લીધું કેવળ નાણુ. વીર. ૮
કર્મ સુડન તપ ભાગીયું જિનરાજે, હાંરે ત્રણુ લોકની ઠકુરાઈ છાજે;
ભક્તિ પુજા કહી શીવ કાજે, હારે ભવિને ઉપગાર. વીર. ૯
શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આપે અક્ષયપદ લીધું;
શુભ વિરનું કારજ સીધું, હાંરે ભાગે સાદી અનંત. વીર. ૧૦

ગાયન ૪૯.

ભય ભંજન દુખગંજન, આનંદ આપી દુઃખ હરોરે;
પાતીક દુર કરો ...રે, પાર ઉતારોને....રે. ભયભંજન. ૧
ચોરાસી લખ યોની માંહિ, વાર અનંત હું ભટકયો સ્વામી,
પુન્યે માનવ ભવ પામીને, સરણુ ગ્રહું ભગવંતનું સ્વામી;
પાર ઉતારો નેમી જીનરાજ, બાળને....રે. ભયભંજન. ૨
ચાર અતીશય જન્મ થકી જે, ઓગણીસ દેવના કીજેરે સ્વામી,
કેવળ પ્રગટે એકાદસ સહુ, ચોત્રીસ એમ પ્રસીદ્ધરે સ્વામી;
પાંત્રીસ વાણી સુણી લહે, ભવપાર નાથજી....રે. ભયભંજન. ૩
ચંદ્રને ચાહે ચાતક પક્ષી, બાળ ચાહે જેમ માયરે સ્વામી,
નેમ પ્રભુ તુંજ દરીશન ચાહું, બુદ્ધિ કહે જીનરાયરે સ્વામી,
પાર ઉતારો, નેમી જીનરાજ બાળનેરે. ભયભંજન. ૪

ગાયન ૫૦.

" મહાવીર સ્વામીનું પારણું.

ઝુલાવે માઇ વીર કુંવર પારણે, વીર કુંવર પારણે. ઝુલાવે. ૧
રત્ન જડીત સોનેકા પારણા, દોરી જરીકી ઝાલને. ઝુલાવે. ૨
મણી માંહી અનેક ઝુંમકેનીકે, ઘુઘરી ઘમ કારણે ઝુલાવે. ૩
રત્નદામ શ્રીદામ ગંડકપર, કરે પ્રભુજી ખ્યાલને. ઝુલાવે. ૪
મેના મોર સુક સારસ સુંદર, હરખે કુંવર પારણે. ઝુલાવે. ૫
છપ્પન દીકકુંવરી હુલરાવે, બજાય બજાય તાલને. ઝુલાવે. ૬
ત્રીસાલા માતા આનંદીત હોવે, નીરખ નીરખ બાલને ઝુલાવે. ૭
હંસ કહે પ્રભુ પારણે પોઢયા, જાણે જગત ખ્યાલને. ઝુલાવે ૮

ગાયન ૫૧.

આજે આનંદ અનતમ ઘેર, સંઘમાં સદાય લીલા લ્હેર,
ભક્તિ રાજા રાવણ પેર, કીજે લીજે શીવપુર શહેર;
ઋષભ, અજીત, સંભવ અભિનંદન, સુમતિ પદ્મ છો પ્યારા;
સુપાર્શ્વ ચંદ્ર સુવિધી શિતળ, શ્રીયાસ સોહે સારા આજે. ૧
વાસુપુજ્ય વિમળ જીન વદો, અનંત ધર્મ થઈ પ્રેમી;
શાંન્તિ કુંથું અર મલ્લિ પ્રભુ, મુની સુવ્રત નેમી આજે ૨
પાર્શ્વનાથને વીર વંદીયે, સીસો અમ ગણધારી;
વિજય વિજય વસુવિજય કરીને, વરીયા પંચમ નારી. આજે ૩
સજી લઘુતા તન મન ધનથી, અમો બાળકો આજે;
અમન ચમનથી સંગીત સાજે, નમીએ જૈન સમાજે. આજે. ૪

સમાપ્ત.

हितवचनमाळा.

૧ સમજુ લોકો નિંદા કરે તેવું કરવું નહિ.
૨ જૂઠું બોલવું નહિ.
૩ કુસંગ કરવો નહિ.
૪ પાછળથી પસ્તાવો થાય તેવું કામ કરવું નહિ.
૫ ઉપરીને અપ્રિય થવાય તેમ વર્તવું નહિ.
૬ બોલ્યા પછી ફરવું પડે તેવુ બોલવું નહિ.
૭ ચડસાચડસી કરવી નહિ.
૮ જુગટું રમવું નહિ.
૯ પરદારા સેવવી નહિ.
૧૦ વહેમી થવું નહિ.
૧૧ નિર્બળ મનના થવું નહિ.
૧૨ અંધ શ્રદ્ધાળુ થવું નહિ.
૧૩ ભોળા થવું નહિ.
૧૪ કપટી થવું નહિ.
૧૫ ચાડી ખાવી નહિ.
૧૬ કોઈનુ દીલ દુખાવવું નહિ.
૧૭ વહાલા સાથે વિરોધ કરવો નહિ.
૧૮ સજ્જનોમાં શરમાવું પડે તેવું કામ કરવું નહિ.
૧૯ મનમાં મુઝાવું પડે તેવું કામ કરવું નહિ.
૨૦ પોતાના પગપર કુહાડો મારવો નહિ.
૨૧ બેસવાની ડાળ કાપવી નહિ.
૨૨ કજીઓ ઉછીનો લેવો નહિ.
૨૩ કજીઆના. આગેવાન થવું નહિ.
૨૪ સ્ત્રી, અંગરક્ષક અને રસોઇયા સાથે વિરોધ કરવો નહિ.
૨૫ સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ.
૨૬ ચાકરો તથા સ્ત્રીઓને ઝાઝી છુટ આપવી નહિ.
૨૭ અતિ વિશ્વાસુ થવું નહિ.
૨૮ પોતાની આબરૂના કાકરા થાય તેવું કામ કરવું નહિ.
૨૯ નીચ માણસોની સાથે પ્રસંગ પાડવો નહિ.
૩૦ કૃપણનુ મોં બોલાવવું નહિ.
૩૧ દેશકાળથી પ્રતિકૂલ કાર્ય કરવું નહિ.

૩૨ વિશ્વાસઘાત કરવો નહિ
૩૩ વિકથા કરવી નહિ
૩૪ વખત વ્યર્થ ગુમાવવો નહિ.
૩૫ દેશ દ્રોહી થવુ નહિ
૩૬ નાતમા કજીઓ ઘાલવો નહિ.
૩૭ કોઇને વિના કારણ હેરાન કરવો નહિ
૩૮ કુમાર્ગે દોરી જનાર પુસ્તકો વાચવા નહિ.
૩૯ કદાગ્રહ કરવો નહિ.
૪૦ કુવિદ્યા શીખવી નહિ.
૪૧ કેફી વસ્તુ પીવી નહિ.
૪૨ નિર્દય થવુ નહિ
૪૩ ખરાબ વચન બોલવા નહિ.
૪૪ દ્વેષ કરવો નહિ.
૪૫ કોઇની આજીવિકા ભાગવી નહિ.
૪૬ ઉડાઉ થવું નહિ
૪૭ લોભી થવુ નહિ.
૪૮ કોઇના ભુંડાથી રાજી થવું નહિ
૪૯ નાસ્તિક થવુ નહિ.
૫૦ દાગી થવું નહિ.
૫૧ પારકી નિંદા કરવી નહિ.
૫૨ બેવકુફ થવુ નહિ.
૫૩ વિષયી થવું નહિ.
૫૪ પ્રમાદી થવુ નહિ.
૫૫ ગુણીજનનો અવિનય કરવો નહિ.
૫૬ ભક્તિહીન થવું નહિ.
૫૭ છાકટા થવું નહિ.
૫૮ ક્રોધ કરવો નહિ.
૫૯ ગર્વ કરવો નહિ.
૬૦ અભણ રહેવુ નહિ.
૬૧ અસ્વચ્છ રહેવુ નહિ.
૬૨ અનિયમીત થવુ નહિ.
૬૩ મોહ રાખવો નહિ.
૬૪ મનની વાત હિતેશ્વરી સીવાય કોઇને કહેવી નહિ.
૬૫ પોતાની બડાઇ કરવી નહિ.
૬૬ અવળે માર્ગે ચડવું નહિ.
૬૭ વહેતી નીક તોડવી નહિ.
૬૮ સાર્વજનિક તથા ધર્માદાના કાર્યમાં વિઘ્ન કરવું નહિ.
૬૯ જીવહિંસા કરવી નહિ.
૭૦ આફત આવે ડરવું નહિ.
૭૧ અસાર સંસારમા આસક્ત થવું નહિ.
૭૨ મમત્વ ભાવ રાખવો નહિ.
૭૩ કુળમર્યાદા છોડવી નહિ.

૭૪ શિષ્ટાચારનુ ઉલ્લંઘન કરવુ નહિ

૭૫ સત્ય વસ્તુનો અનાદર કરવો નહિ.

૭૬ હિતવચનનો અનાદર કરવો નહિ.

૭૭ સજ્જનોનુ અપમાન કરવું નહિ.

૭૮ દુષ્ટોને ઉત્તેજન આપવું નહિ.

૭૯ દેશનુ દારિદ્ર લેવા સાધનોને ઉત્તેજન આપવું નહિ.

૮૦ શક્તિ ઉપરાત ખર્ચ કરવુ નહિ.

૮૧ કુદેવને નમવુ નહિ

૮૨ કુધર્મનુ સેવન કરવુ નહિ

૮૩ નીતિમા શિથીલ થવું નહિ.

૮૪ કુગુરૂની ઉપાસના કરવી નહિ.

૮૫ વીતરાગ ભાષીત વચનની અશ્રદ્ધા કરવી નહિ.

૮૬ કોઈની હાંસી કરવી નહિ.

૮૭ બહુબોલા થવું નહિ

૮૮ સહસા કામ કરવુ નહિ.

૮૯ વેશ્યામા આસક્ત થવુ નહિ.

૯૦ લાચ ખાવી નહિ.

૯૧ વિદ્યાનો ગર્વ કરવો નહિ.

૯૨ આર્ત ધ્યાન કરવુ નહિ.

૯૩ અન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું નહિ.

૯૪ દુર્જનની સોબત કરવી નહિ.

૯૫ સ્વસ્વરૂપને ભૂલવુ નહિ.

૯૬ શીકાર કરવો નહિ

૯૭ રૌદ્ર ધ્યાન કરવું નહિ.

૯૮ હલકી પરતત્રતા સ્વીકારવી નહિ.

૯૯ મુદ્દો ચુકી જવો નહિ.

૧૦૦ મનુષ્યભવ વ્યર્થ ગુમાવવો નહિ.

૧૦૧ પુન્યની કમાઈ કર્યા વિના રહેવુ નહિ.

૧૦૨ અશુભ કર્મ કરવાં નહિ.

૧૦૩ પારકે પૈસે વેપાર કરવો નહિ.

૧૦૪ કરજ કરીને વરો કરવો નહિ.

૧૦૫ અધર્મ કરવો નહિ

૧૦૬ કર્મનો ક્ષય કર્યા વગર રહેવુ નહિ

૧૦૭ મિથ્યાત્વ સેવવુ નહિ.

૧૦૮ ખોટુ જ્ઞાન મેળવવુ નહિ.

સમકિત સહિત ધર્મ કરો.

અગાઉથી આશ્રય આપી મદદ કરનારા સદ્‌ગૃહસ્થોનાં નામોનું લીસ્ટ.

સાણંદ.

૨૫ શા. મંગલદાસ બાલચંદ.
૧૫ મેતા ગકુલભાઇ નરશીભાઈ.
૧૫ શા. મણીલાલ સુખલાલ.
૧૦ સઘવી નારણદાસ ધરમશી.
૧૦ મેતા મગલદાસ મગનલાલ.
૧૦ શ્રી જૈન પાર્શ્વ જીન મડલીના મેનેજર મેતા મુલચદભાઇ મકનદાસ.
૭ મેતા દીપચદ ભુરાભાઇ.
૧૧ મેતા અમરતલાલ રવચદભાઈ
૫ ગાંધી મોહનલાલ ખેમચદ.
૫ મેતા કસ્તુરભાઇ પોપટલાલ.
૩ મેતા ભુરાભાઈ જેઠાભાઈ.
૨ શા. મફતલાલ દીપચંદભાઇ.
૧૦ શા. ચુનીલાલ મલુકચદ.
૨ મેતા મગનલાલ ભાયચદ
૧ શેઠ દેવકરણ વાલજી
૧ શા. મણીલાલ ગોવનજી
૧ શા. જીવણલાલ જેસંગભાઇ
૧ મેતા કેશવલાલ મકનદાસ
૧ દોશી લલુભાઇ મગનલાલ
૧ શા. ખોડીદાસ ચુનીલાલ
૧ શા. સકરચંદ કાલીદાસ
૧ શા. મફતલાલ કાલીદાસ
૧ શા કેશવલાલ મુલચદ
૧ શા મણીલાલ મોહનલાલ
૧ મેતા બુધાભાઈ ચતુરદાસ
૧ મેતા વાડીલાલ ચાંપસીભાઇ
૧ મેતા અભેચદ પોપટભાઇ
૧ શા. ખોધાભાઈ જીવણલાલ
૧ શા. રતીલાલ ભાયચદ
૧ શા. ટોકરશી ત્રીભોવનદાસ
૧ મેતા ભીખાભાઇ દામોદર
૧ મેતા સકરચદ પોપટલાલ
૧ મેતા જેમલભાઇ કાલીદાસ
૧ શા. સકરચદ કચરાભાઇ
૧ મેતા મગનલાલ વેલશીભાઈ
૧ શા. રતનચદ લલુભાઇ
૧ મેતા મોહનલાલ પદમશીભાઇ
૧ મેતા વાડીલાલ ખુશાલભાઇ
૧ શા. લાડકચંદ છગનલાલ

૧ મેતા ફુલચંદ નગીનદાસ
૧ શા. જીવરાજ રાજપાળ
૧ મેતા મંગળદાસ ગુલાબચંદ
૧ મેતા વાડીલાલ પુંજાભાઇ
૧ મેતા છોટાલાલ હેમચંદભાઇ
૧ ગાંધી ચુનીલાલ ત્રીકમદાસ
૧ શા. કાલીદાસ મેઘજીભાઇ
૧ શા. મંગલદાસ કીલાભાઇ
૧ નાગરભાઈ છગનલાલ પટેલ
૧ જીવાભાઇ સુરભાઈ
૧ સુતાર ખોડીદાસ મગનલાલ
૧ શા. માણેકચંદ કેશવજી
૧ શા. કેશવલાલ રાજપાળ
૧ મેતા દલસુખ ગોવનજી
૧ મેતા વાડીલાલ ચાપશી

અમદાવાદ.

૨ મંગળદાસ ચીમનલાલ શાહ.
૧ શા. મણીલાલ ભગુભાઇ
૧ શા. ચંદુલાલ જમનાદાસ
૧ શા. લાલચંદ પદમશી
૨ લાલભાઈ સાકળચંદ
૧ મયાચંદ ચુનીલાલ

ભરૂચ બંદર.

૨ નરભેરામ કપુરચંદ

કોઠ.

૧ શા શાન્તિલાલ ભૂરાભાઈ

ગોધાવી.

૧ શા. કકલદાસ ગોકલદાસ
૧ શા. પોપટલાલ છગનલાલ

વણોદ.

૬ શા બુધાલાલ મગનલાલની મારફતે
૧ શા સોમચંદ કમચુભાઈ
૧ શા હઠીસંગ રામચંદ
૧ પુંજા મોતી કંદોઈ
૧ શા. છગન રંગજી
૧ ગોરજી કનૈયાલાલ જેચંદજી

માંડલ.

૫ દોશી મફતલાલ ડાહ્યાભાઈની મારફત
૧ શા. જગજીવન ચુનીલાલ
૧ શા ડોસા પરભુ
૧ શા બુધા પોપટ
૧ શા. બકોર ઓઘડ
૧ શા. પ્રેમચંદ છગન.
૧ ભાવસાર ઝુઝા નથુ
૧ શા. વાડીલાલ દેવચંદ
૧ દોશી પરભુ ડાહ્યા
૧ શા નાગર મંગળદાસ વઢવાણવાળા.

કાવીઠા.

૧૧ શા. મણીલાલ પાનાચંદની
મારફત

૧ શા. રવચંદ છગનલાલ
૧ શા. દીપચંદ જેમલ.
૧ દોશી મોહનલાલ ત્રીભોવન-
દાસ ગામ ધ્રોળના
૧ શા. હીરાલાલ મગનલાલ
૧ શા કેવળદાસ અમથાદાસ
૧ શા જેઠમશી તારાચંદ
૧ માસ્તર નાથાલાલ હુકમચંદ
૧ પથાભાઇ દાનભાઇ મુખી
૧ શા. ગીરધર સોમચંદ ગામ
મહીજના

ગોરજ.

૧ શા વાડીલાલ વેલશીભાઈ

મુંબઇ બંદર.

૪૧ શા. મંગલદાસ અમરશી
૫૧ શા. વાડીલાલ કાલીદાસ
૫૧ શા. ફકલભાઈ જેસંગભાઈ
૩૦ શા. મોહનલાલ સકરચંદ
૧૧ શા. બુધાલાલ ઉકાભાઈ
૧૧ શા. ભગવાનજી પુરૂશોત-
મદાસ
૧૦ શા. ભુરાભાઈ દલસુખભાઇ
૧૦ શા. કેશવલાલ મોતીલાલ
૧૦ શા અમરચંદ હરજીવન
ભાવનગરવાળા
૫ ધરમશી પરશોતમ શાહ
૮ શા. પોપટલાલ લલ્લુભાઈ
૨ શા. શીવલાલ ગુલાબચંદ
૧ શા. મણીલાલ વાડીલાલ

